सत्यमेव जयते

GOVERNMENT OF GUJARAT

LEGISLATIVE AND PARLIAMENTARY AFFAIRS DEPARTMENT

## Gujarat Act No. 16 of 1985

# The Gujarat Prevention of Anti-Social Activities Act, 1985.

*(As modified upto the 31st December, 2021)*

ગુજરાત સરકાર

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સન ૧૯૮૫ નો ગુજરાત અધિનિયમ ક્રમાંક. ૧૬

# ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫.

*(સન ૨૦૨૧ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખ સુધી સુધાર્યા પ્રમાણે)*

સરકારી મધ્યસ્થ પ્રેસ,

ગાંધીનગર.

૨૦૨૧

(કિંમત રૂ.     પૈસા)

GGPG-Y-539-500-12-2021-SIS-10

(સન ૧૯૮૫નો ગુજરાત અધિનિયમ ૧૬)

# ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫.

## અનુક્રમણિકા


પ્રસ્તાવના

કલમો

| | | |
|---|---|---|
| ૧. | ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ. | ૧ |
| ૨. | વ્યાખ્યા. | ૧ |
| ૩. | અમુક વ્યક્તિઓને અટકાયતમાં રાખવાના હુકમો કરવાની સત્તા. | ૫ |
| ૪. | અટકાયતના હુકમોની અમલ બજવણી. | ૬ |
| ૫. | અટકાયતના સ્થળ અને શરતોનું નિયમન કરવાની સત્તા. | ૬ |
| ૬. | અટકાયતના કારણો જુદા પાડી શકાય તેવા હોવા બાબત. | ૬ |
| ૭. | અટકાયત હુકમો અમુક કારણોસર અમાન્ય અથવા બિન–અમલી રહેશે નહિ. | ૭ |
| ૮. | ફરાર થઈ જતી વ્યક્તિઓના સંબંધમાં સત્તાઓ. | ૭ |
| ૯. | અટકાયતીને અટકાયત હુકમનાં કારણો જણાવવા બાબત. | ૮ |
| ૧૦. | સલાહકાર બોર્ડની રચના. | ૮ |
| ૧૧. | સલાહકાર બોર્ડને નિર્ણયાર્થે લખાણ કરવા બાબત. | ૯ |
| ૧૨. | સલાહકાર બોર્ડની કાર્યરીતિ. | ૯ |
| ૧૩. | સલાહકાર બોર્ડના રિપોર્ટ ઉપરથી પગલાં લેવા બાબત. | ૯ |
| ૧૪. | અટકાયતની વધુમાં વધુ મુદત. | ૧૦ |
| ૧૫. | અટકાયત હુકમો રદ કરવા બાબત. | ૧૦ |
| ૧૬. | અટકાયતમાં રાખેલી વ્યક્તિઓને કામચલાઉ મુદત માટે છોડી મૂકવા બાબત. | ૧૦ |
| ૧૭. | શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ. | ૧૧ |
| ૧૮. | આ અધિનિયમની ક્ષેત્રમર્યાદાની અંદરની બાબતોની તજવીજ, આ અધિનિયમ હેઠળ જ કરવા બાબત. | ૧૧ |
| ૧૯. | રદ કરવા બાબત અને અપવાદ. | ૧૧ |

# સન ૧૯૮૫ નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૬ મો.[૧*]

## ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫.

(૨જી ઓગસ્ટ, ૧૯૮૫.)

સન ૧૯૮૬ના ગુજરાત અધિનિયમ ૨૬થી સુધારેલો.

સન ૨૦૦૦ના ગુજરાત અધિનિયમ ૧૪થી સુધારેલો.

સન ૨૦૨૦ના ગુજરાત અધિનિયમ ૨૦થી સુધારેલો.

દારૂનો ગેરકાયદેસર ધંધો કરનારા, ભયજનક વ્યક્તિઓ, ઔષધ ગુનેગારો, [૨][અનૈતિક વેપાર ગુનેગારો, મિલકત પચાવી પાડનારાઓ, સાઇબર ગુનો કરનારા, નાણાંની ધીરધાર સંબંધી ગુનો કરનારા અને જાતીય ગુનો કરનારાની,] જાહેર વ્યવસ્થા જાળવી રાખવાને બાધ આવે તેવી અસામાજિક અને ભયજનક પ્રવૃતિઓ અટકાવવાને તેમની નિવારક અટકાયત માટે જોગવાઇ કરવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના છત્રીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫ કહેવાશે. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે સન ૧૯૮૫ના મે મહિનાની ૨૭મી તારીખે અમલમાં આવ્યો છે એમ ગણાશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભ ઉપરથી અન્યથા અપેક્ષિત ન હોય તો,- વ્યાખ્યા.

(ક) "અધિકૃત અધિકારી" એટલે કલમ ૩ની પેટા-કલમ (૧) હેઠળ મળેલી સત્તા વાપરવા માટે, તે કલમની પેટા-કલમ (૨) હેઠળ અધિકૃત કરેલ જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પોલીસ કમિશનર.

સન ૧૯૪૯નો મુંબઇનો ૨૫મો.

(ખ) "દારૂનો ગેરકાયદેસર ધંધો કરનાર" એટલે મુંબઇ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ અને તે હેઠળ કરેલા નિયમો અને હુકમોની જોગવાઇઓ પૈકી કોઇ જોગવાઇનું અથવા તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઇ કાયદાનું ઉલ્લંઘન કરીને, જે કોઇ વ્યક્તિ કોઇપણ દારૂ, કેફી ઔષધ અથવા અન્ય કેફી પદાર્થ ગાળે, બનાવે, તેનો સંગ્રહ કરે, તેની હેરફેર કરે, આયાત કરે, નિકાસ કરે, તે વેચે અથવા વહેંચે અથવા જે કોઇ જાણીજોઇને

---

૧. ઉદ્દેશો અને કારણો માટે જુઓ ગુજરાત રાજપત્ર અસાધારણ, ભાગ-૯, તારીખ: ૨૬મી જૂન, ૧૯૮૫.

* આ અધિનિયમને સન ૧૯૮૬ ના ઓગસ્ટ મહિનાની ૧લી તારીખે રાષ્ટ્રપતિની અનુમતિ મળેલ છે.

૨. સન ૨૦૨૦ના ગુજરાતના અધિનિયમ ક્રમાંક ૧૨ ની કલમ ૨ થી દીર્ઘ સંજ્ઞામાં ''અનૈતિક વેપાર ગુનેગારો અને મિલકત પચાવી પાડનારાઓની'' એ શબ્દોને બદલે, ''અનૈતિક વેપાર ગુનેગારો, મિલકત પચાવી પાડનારાઓ, સાઇબર ગુનો કરનારા, નાણાંની ધીરધાર સંબંધી ગુનો કરનારા અને જાતીય ગુનો કરનારાની'' એ શબ્દો મૂક્યા છે.

ઉપર વર્ણવેલ કૃત્યો પૈકી કોઇ કૃત્ય, અન્ય કોઇ વ્યક્તિ દ્વારા અથવા તેની મારફત આગળ ધપાવવામાં અથવા તેને ટેકો આપવામાં કંઇપણ નાણાં ખર્ચે અથવા તેનો ઉપયોગ કરે અથવા કોઈપણ પશુ, વાહન, વહાણ અથવા અન્ય સાધન અથવા કોઈપણ પાત્ર અથવા ગમે તે પ્રકારનો અન્ય કોઈ માલસામાન પૂરો પાડે અથવા જે કોઈ આવું કોઈપણ કૃત્ય કરવામાં અન્ય કોઈ રીતે મદદગારી કરે તે વ્યક્તિ;

[1][(ખખ) "જુગારનો અડ્ડો ચલાવનાર" એટલે ગુજરાત જુગાર પ્રતિબંધ અધિનિયમ, ૧૮૮૭ની કલમ ૪ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરે અથવા કરવાની પ્રયત્ન કરે અથવા કરવામાં મદદગારી કરે તે વ્યક્તિ;] સન ૧૮૮૭નો મુંબઇનો ૪થો.

[2][(ખખખ) "ક્રૂર વ્યક્તિ" એટલે જે કોઇ વ્યક્તિ મુંબઇ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ની કલમ ૮ હેઠળ શિક્ષાપાત્ર ગુનો, પોતે અથવા ટોળીના સભ્ય અથવા સરદાર તરીકે વારંવાર કરે અથવા કરવાની પ્રયત્ન કરે અથવા તે કરવામાં મદદગારી કરે તે વ્યક્તિ;] સન ૧૯૫૪નો મુંબઇનો ૭૨મો.

[3][(ખક) "સાઇબર ગુનો કરનાર" એટલે ઇન્ફર્મેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦ના પ્રકરણ ૧૧ હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુનો કરે અથવા એવો ગુનો કરવાનો પ્રયત્ન કરે અથવા તે કરવામાં મદદગારી કરે તેવી વ્યક્તિ;] સન ૨૦૦૦નો ૨૧મો.

(ગ) "ભયજનક વ્યક્તિ" એટલે જે વ્યક્તિ પોતે અથવા ટોળીના સભ્ય અથવા સરદાર તરીકે [4][ભારતના ફોજદારી અધિનિયમના પ્રકરણ ૮ અથવા પ્રકરણ ૧૬ (કલમો ૩૫૪, ૩૫૪-ક, ૩૫૪-ખ, ૩૫૪-ગ, ૩૫૪-ઘ, ૩૭૬, ૩૭૬-ક, ૩૭૬-ખ, ૩૭૬-ગ, ૩૭૬-ઘ અથવા ૩૭૭ સિવાય) અથવા પ્રકરણ ૧૭ અથવા પ્રકરણ ૨૨] હેઠળ શિક્ષાપાત્ર ગુનાઓ પૈકીનો કોઇપણ ગુનો અથવા શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ના પ્રકરણ ૫ હેઠળ શિક્ષાપાત્ર ગુનાઓ પૈકીનો કોઇપણ ગુનો [5][* * *]વારંવાર કરે અથવા કરવાની કોશિશ કરે અથવા તે કરવામાં મદદગારી કરે તે વ્યક્તિ; સન ૧૮૬૦નો ૪૫મો. સન ૧૯૫૯નો ૫૪મો.

---

૧. સન ૨૦૨૦ના ગુજરાતના અધિનિયમ ક્રમાંક ૧૨ની કલમ ૩(૧)થી આ ખંડ બદલેલ છે.
૨. સન ૨૦૦૦ના ગુજરાતના અધિનિયમ ક્રમાંક ૧૪ની કલમ ૨ (૧) થી ખંડ (ખખખ) દાખલ કર્યો છે.
૩. સન ૨૦૨૦ના ગુજરાતના અધિનિયમ ક્રમાંક ૧૨ની કલમ ૩(૨) થી ખંડ (ખક) દાખલ કર્યો છે.
૪. સન ૨૦૨૦ના અધિનિયમ ક્રમાંક ૧૨ની કલમ ૩(૩)થી ''ભારતના ફોજદારી અધિનિયમના પ્રકરણ ૧૬ અથવા પ્રકરણ ૧૭'' એ શબ્દો, આંકડા અને અક્ષરોને બદલે, ''ભારતના ફોજદારી અધિનિયમના પ્રકરણ ૮ અથવા પ્રકરણ ૧૬ (કલમો ૩૫૪, ૩૫૪-ક, ૩૫૪-ખ, ૩૫૪-ગ, ૩૫૪-ઘ, ૩૭૬, ૩૭૬-ક, ૩૭૬-ખ, ૩૭૬-ગ, ૩૭૬-ઘ અથવા ૩૭૭ સિવાય) અથવા પ્રકરણ ૧૭ અથવા પ્રકરણ ૨૨'' એ શબ્દો, આંકડા, અક્ષરો અને કૌંસ મૂકવામાં આવે છે.
૫. સન ૧૯૮૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંક. ૨૬ની કલમ ૨(૧)થી "સળંગ ત્રણ વર્ષની મુદત દરમિયાન" એ શબ્દો કમી કરવામાં આવેલ છે.

(ઘ) "અટકાયત હુકમ" એટલે કલમ ૩ હેઠળ કરેલો હુકમ;

(ચ) "અટકાયતી" એટલે અટકાયત હુકમ હેઠળ અટકમાં રાખેલી વ્યક્તિ;

[૧][(છ) "ઔષધ ગુનેગાર" એટલે જે કોઇ વ્યક્તિ,-

(૧) ઔષધ અને સૌંદર્ય પ્રસાધન અધિનિયમ, ૧૯૪૦ (જેનો આમાં હવે પછી, આ વ્યાખ્યામાં "ઔષધ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૦નું ઉલ્લંઘન કરીને, કોઇપણ ઔષધની આયાત કરે તે વ્યક્તિ; સન ૧૯૪૦નો ૧૩મો.

(૨) ઔષધ અધિનિયમની કલમ ૧૮નું ઉલ્લંઘન કરીને, કોઇપણ ઔષધ વેચાણ માટે બનાવે અથવા વેચે અથવા સ્ટોકમાં રાખે અથવા વેચાણ માટે પ્રદર્શિત કરે અથવા વહેંચે તે વ્યક્તિ;

(૩) ઔષધ અધિનિયમની કલમ ૩૩-ઘનું ઉલ્લંઘન કરીને, (સિદ્ધ સહિત) કોઇપણ આયુર્વેદિક અથવા યુનાની ઔષધ વેચાણ માટે બનાવે તે વ્યક્તિ;

(૪) ઔષધ અધિનિયમની કલમ ૩૩-ચનું ઉલ્લંઘન કરીને, પ્રકરણ ૪-ક હેઠળ જેને લાઇસન્સ આપવામાં આવ્યું હોય તે બનાવનારે બનાવેલ ઔષધ સિવાયનું (સિદ્ધ સહિત) કોઇપણ આયુર્વેદિક અથવા યુનાની ઔષધ વેચે અથવા સ્ટોકમાં રાખે અથવા વેચાણ માટે પ્રદર્શિત કરે અથવા વહેંચે તે વ્યક્તિ;

(૫) કેફી ઔષધ અને મન: પ્રભાવી દ્રવ્ય અધિનિયમ, ૧૯૮૫ની કલમ ૮નું ઉલ્લંઘન કરીને, કોઇપણ કોકાના છોડનું, અફીણના છોડનું અથવા ચરસ ગાંજાના છોડનું વાવેતર કરે અથવા કોઇપણ કેફી ઔષધ અથવા મન: પ્રભાવી દ્રવ્ય ઉત્પન્ન કરે, બનાવે, કબજામાં રાખે, વેચે, ખરીદે, લઇ જાય-લાવે, વખારમાં ભરે, તેની આંતર-રાજ્ય આયાત કરે, આંતર-રાજ્ય નિકાસ કરે, ભારતમાં આયાત કરે, ભારતમાંથી નિકાસ કરે અથવા તે વહાણમાં રવાના કરે તે વ્યક્તિ; સન ૧૯૮૫નો ૬૧મો.

(૬) પેટા-ખંડો (૧) થી (૫) પૈકીના કોઇપણ પેટા-ખંડમાં જણાવેલા કૃત્યો પૈકીનું કોઇપણ કૃત્ય, અન્ય કોઇ વ્યક્તિ દ્વારા અથવા તેની મારફત આગળ ધપાવવામાં અથવા તે કરવાને ટેકો આપવામાં, જાણી જોઇને કંઇપણ નાણાં ખર્ચે અથવા પૂરા પાડે તે વ્યક્તિ; અથવા

(૭) પેટા-ખંડો (૧) થી (૬) પૈકીના કોઇપણ પેટા-ખંડમાં જણાવેલ કૃત્યો પૈકીનું કોઇપણ કૃત્ય કરવામાં કોઇ રીતે મદદગારી કરે તે વ્યક્તિ.]

---

૧. સન ૧૯૮૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંક. ૨૬ની કલમ ૨(૨)થી આ ખંડ બદલવામાં આવેલ છે.

સન ૧૯૫૬નો ૧૦૪મો.

(જ) "અનૈતિક વેપાર ગુનેગાર" એટલે જે વ્યક્તિ 'સ્ત્રી-કન્યા અનૈતિક વેપાર નિવારણ અધિનિયમ, ૧૯૫૬' હેઠળ કોઇપણ ગુનો વારંવાર કરે અથવા તે કરવામાં મદદગારી કરે તે વ્યક્તિ;

સન ૨૦૧૧નો ગુજરાતનો ૧૪મો.

[1][(જક) "નાણાની ધીરધાર સંબંધી ગુનો કરનાર" એટલે ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ ના પ્રકરણ ૯ હેઠળ ગુના કરે અથવા એવા ગુના કરવાનો પ્રયત્ન કરે અથવા કરવામાં મદદગારી કરે તેવી વ્યક્તિ અથવા કોઇ લોન અથવા તેના ઉપરના વ્યાજ વસૂલવા અથવા તેના કોઇ હપ્તા વસૂલવા અથવા લોનના વ્યવહાર સાથે સંકળાયેલ કોઇ સ્થાવર અથવા જંગમ મિલકત લેવા અથવા લોનની અથવા વ્યાજની સમગ્રતઃ અથવા અંશતઃ રકમ પ્રાપ્ત કરવાના હેતુ માટે સીધેસીધો શારીરિક હિંસાનો ઉપયોગ કરે અથવા એવો ઉપયોગ કરવાની ધમકી આપે અથવા અન્યથા કોઇ વ્યક્તિ મારફત કોઇ વ્યક્તિ સામે શારીરિક હિંસાનો ઉપયોગ કરે અથવા એવો ઉપયોગ કરવાની ધમકી આપે તેવો નાણાની ધીરધાર કરનાર અથવા નાણાની ધીરધાર કરનારે રોકેલી કોઇ વ્યક્તિ અથવા તેના વતી કામ કરનારી કોઇ વ્યક્તિ;]

(ઝ) "મિલકત પચાવી પાડનાર" એટલે જે વ્યક્તિ પોતાની માલિકીની નહિ, પણ સરકારની, સ્થાનિક સત્તામંડળની અથવા અન્ય કોઇ વ્યક્તિની માલિકીની કોઇપણ જમીનનો ગેરકાયદેસર રીતે કબજો લે અથવા એવી જમીનોના સંબંધમાં ગેરકાયદેસર ગણોત હક અંગેનો કરાર કરે અથવા તે ઉભો કરે અથવા લીવ એન્ડ લાઇસન્સનો કરાર અથવા અન્ય કોઇ કરાર કરે અથવા તે ઉભો કરે અથવા જે વ્યક્તિ, તે જમીન ઉપર વેચાણ અથવા ભાડા માટે અનધિકૃત બાંધકામ કરે અથવા અનધિકૃત બાંધકામો કરવા અથવા તેનો ઉપયોગ અને ભોગવટો કરવા માટે, તેવી જમીનો, કોઇપણ વ્યક્તિને ભાડાના અથવા લીવ એન્ડ લાઇસન્સના ધોરણે આપે અથવા જે જાણીજોઇને આવી જમીનોનો ગેરકાયદેસર કબજો લેવા માટે અથવા તેના ઉપર અનધિકૃત બાંધકામો કરવા માટે કોઇ વ્યક્તિને નાણાકીય મદદ આપે અથવા જે એવી જમીનોના કોઇ ભોગવટેદાર પાસેથી ભાડું, વળતર અથવા અન્ય ચાર્જ, ગુનાહિત ધમકી આપીને વસૂલ કરે અથવા વસૂલ કરવાની કોશિશ કરે અથવા જે કાયદેસરની કાર્યરીતિનો આશરો લીધા વિના, બળજબરીથી આવા કોઇપણ ભોગવટેદારને તે ખાલી કરાવે અથવા ખાલી કરાવવાની કોશિશ કરે અથવા જે ઉપર જણાવેલ કૃત્યો પૈકી કોઇપણ કૃત્ય કરવામાં કોઇપણ રીતે મદદગારી કરે તે વ્યક્તિ;

સન ૨૦૧૨નો ૩૨મો.

[2][(ઝક) "જાતીય ગુનો કરનાર" એટલે ભારતનો ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમો ૩૫૪, ૩૫૪-ક, ૩૫૪-ખ, ૩૫૪-ગ, ૩૫૪-ઘ, ૩૭૬, ૩૭૬-ક, ૩૭૬-ખ, ૩૭૬-ગ, ૩૭૬-ઘ અથવા ૩૭૭ અથવા જાતીય ગુનાઓથી બાળકોને રક્ષણ આપવા બાબત અધિનિયમ, ૨૦૧૨ હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુનો કરે અથવા એવો ગુનો કરવાનો પ્રયત્ન કરે અથવા તેમાં મદદગારી કરે તેવી વ્યક્તિ;] સન ૧૮૬૦નો ૪૫મો.

---

૧. સન ૨૦૨૦ના ગુજરાત અધિનિયમ ક્રમાંક. ૧૨ ની કલમ ૩(૪)થી ખંડ (જક) દાખલ કરેલ છે.
૨. સન ૨૦૨૦ના ગુજરાત અધિનિયમ ક્રમાંક. ૧૨ની કલમ ૩(૫)થી ખંડ (ઝક) દાખલ કરેલ છે.

સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ૨૭.

(૮) "અનધિકૃત બાંધકામ" એટલે મુંબઇ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ અને મુંબઇ પ્રોવિનિશ્યલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અથવા યથાપ્રસંગ, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ હેઠળ કોઈપણ વિસ્તારમાં હકૂમત ધરાવતા અધિકારી અથવા સત્તાધિકારીની જરૂરી સ્પષ્ટ લેખિત પરવાનગી વિના અથવા આવા વિસ્તારમાં તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઇ કાયદા અનુસાર હોય તે સિવાય, આવા વિસ્તારમાં કરેલું કોઈપણ બાંધકામ.

સન ૧૮૭૯નો મુંબઇનો ૫મો.
સન ૧૯૪૯નો મુંબઇનો ૫૯મો.
સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો.

સન ૧૯૬૨નો ગુજરાતનો ૬ઠ્ઠો.

અમુક વ્યક્તિઓને અટકાયતમાં રાખવાના હુકમો કરવાની સત્તા.

૩. (૧) કોઇ વ્યક્તિના સંબંધમાં રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે જાહેર વ્યવસ્થા જાળવી રાખવાને બાધ આવે તેવી કોઇ રીતે કૃત્ય કરતી તેને અટકાવવાના ઉદ્દેશથી, તેમ કરવું જરૂરી છે, તો તે, એવી વ્યક્તિને અટકાયતમાં રાખવાનો આદેશ આપતો હુકમ કરી શકશે.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પોલીસ કમિશનરની હકૂમતની સ્થાનિક હદમાંના કોઇ વિસ્તારમાં પ્રવર્તતા હોવાનો સંભવ હોય તે સંજોગો ધ્યાનમાં લઇને, રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે તેમ કરવું જરૂરી છે, તો તે, લેખિત હુકમ કરીને એવો આદેશ આપી શકશે કે જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પોલીસ કમિશનર પણ, પેટા-કલમ (૧)માં જોગવાઇ કર્યા પ્રમાણે ખાતરી થાય, તો સદરહુ પેટા-કલમથી મળેલી સત્તાઓ વાપરી શકશે.

(૩) આ કલમ હેઠળ કોઇ અધિકૃત અધિકારીએ કોઈપણ હુકમ કર્યો હોય, ત્યારે તેણે, કયા કારણોસર હુકમ કરવામાં આવ્યો છે તે અને તેના અભિપ્રાય મુજબ, તે બાબત અંગે સંબંધ ધરાવતી હોય તેવી બીજી વિગતો સહિત, તે હકીકતની રાજ્ય સરકારને તરત જ જાણ કરવી જોઇશે અને આવો કોઇ હુકમ, તે કરવામાં આવે તે પછી, બાર દિવસ કરતાં વધુ દિવસ સુધી અમલમાં રહેશે નહિ, સિવાય કે તેટલા સમયમાં જ રાજ્ય સરકારે તેને મંજૂર કર્યો હોય.

(૪) આ કલમના હેતુ માટે, *દારૂનો ગેરકાયદેસર ધંધો કરનાર અથવા જુગારનો અડ્ડો ચલાવનાર અથવા ક્રૂર વ્યક્તિ અથવા ભયજનક વ્યક્તિ અથવા ઔષધ ગુનેગાર અથવા અનૈતિક વેપાર ગુનેગાર અથવા મિલકત પચાવી પાડનાર સાઇબર ગુનો કરનાર અથવા નાણાની ધીરધાર સંબંધી ગુનો કરનાર અથવા જાતીય ગુનો કરનાર તરીકે કોઇ વ્યક્તિ, જાહેર વ્યવસ્થા જાળવી રાખવાને પ્રતિકૂળ અસર કરતી હોય અથવા જેનાથી પ્રતિકૂળ અસર થવાનો સંભવ હોય એવી પ્રવૃતિઓ પૈકી કોઇ પ્રવૃતિમાં રોકાયેલ હોય અથવા તેમાં રોકાવા માટે તૈયારી કરતી હોય, ત્યારે આવી વ્યક્તિ, "જાહેર વ્યવસ્થા જાળવી રાખવાને બાધ આવે તેવી રીતે કામ કરે છે" એમ ગણાશે.

સ્પષ્ટીકરણ.- આ પેટા-કલમના હેતુ માટે, આ પેટા-કલમમાં ઉલ્લેખેલી કોઇ વ્યક્તિની પ્રવૃતિઓ પૈકીની કોઇ પ્રવૃતિથી, પ્રત્યક્ષ રીતે અથવા પરોક્ષ રીતે, સામાન્ય લોકોમાં અથવા તેના કોઇપણ વર્ગમાં, કંઇપણ ઉપદ્રવ, જોખમ અથવા ભય અથવા અસલામતીની લાગણી ઊભી થતી હોય અથવા ઊભી થવાનો સંભવ હોય અથવા જાન, મિલકત અથવા જાહેર આરોગ્ય, ગંભીર અથવા વ્યાપક પ્રમાણમાં જોખમમાં મૂકાતા હોય અથવા મૂકાવાનો સંભવ હોય, તો બીજી બાબતોની સાથે, જાહેર વ્યવસ્થાને પ્રતિકૂળ રીતે અસર થઇ હોવાનું ગણાશે અથવા પ્રતિકૂળ રીતે અસર થવાનો સંભવ હોવાનું ગણાશે.

સન ૧૯૭૪નો ૨જો.

૪. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ ધરપકડના વોરંટની અમલ બજાવણી માટે, ઠરાવેલી રીતે, રાજ્યમાંના કોઇપણ સ્થળે, અટકાયત હુકમની અમલ બજવણી કરી શકાશે. અટકાયતના હુકમોની અમલ બજાવણી.

૫. જેના સંબંધમાં અટકાયત હુકમ કરવામાં આવ્યો હોય તે દરેક વ્યક્તિ- અટકાયતના સ્થળ અને શરતોનું નિયમન કરવાની સત્તા.

(ક) રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી, નિર્દિષ્ટ કરે તેવા સ્થળે અને શિસ્ત જાળવવા અને શિસ્તભંગ માટેની શિક્ષા સંબંધી શરતો સહિતની તેવી શરતો હેઠળ અટકમાં રાખવાને પાત્ર થશે, અને

(ખ) રાજ્ય સરકારના હુકમથી, રાજ્યની અંદરના અટકાયતના એક સ્થળેથી અટકાયતના અન્ય સ્થળે ખસેડવાને પાત્ર થશે.

૬. બે અથવા વધુ કારણોસર કરવામાં આવ્યા હોય તેવા, કલમ ૩ હેઠળના અટકાયતના હુકમ અનુસાર કોઇ વ્યક્તિને અટકાયતમાં રાખવામાં આવી હોય, ત્યારે આવો અટકાયતનો હુકમ, દરેક કારણસર અલગ રીતે કરવામાં આવ્યો છે એમ ગણાશે અને તદનુસાર- અટકાયતના કારણો જુદા પાડી શકાય તેવા હોવા બાબત.

(ક) આવો હુકમ, કારણો પૈકીનું કોઇ એક કારણ અથવા તે પૈકીનાં કેટલાંક કારણો-

(૧) અસ્પષ્ટ હોવાનાં,

(૨) અસ્તિત્વમાં ન હોવાનાં,

(૩) સંગત ન હોવાનાં,

(૪) આવી વ્યક્તિ સાથે સંકળાયેલા ન હોવાનાં અથવા નજીકથી સંકળાયેલા ન હોવાનાં, અથવા

(૫) ગમે તે પ્રકારના કોઇ કારણસર અમાન્ય હોવાનાં,

કારણે જ અમાન્ય અથવા બિન-અમલી છે એમ ગણાશે નહિ અને તેથી, આવો હુકમ કરનાર સરકારને અથવા અધિકારીને, કલમ ૩માં જોગવાઇ કર્યા પમાણે, બાકીના કારણ અથવા કારણો સંબંધી ખાતરી થઇ હોત અને તેણે અટકાયતનો હુકમ કર્યો હોત એમ ઠરાવવું શક્ય નથી;

(ખ) અટકાયતનો હુકમ કરનાર સરકારે અથવા અધિકારીએ, બાકીના કારણ અથવા કારણો સંબંધમાં સદરહુ કલમમાં જોગવાઇ કર્યા પ્રમાણે ખાતરી થયા પછી, તે કલમ હેઠળ અટકાયતનો હુકમ કર્યો છે એમ ગણાશે.

અટકાયત હુકમો અમુક કારણોસર અમાન્ય અથવા બિન–અમલી રહેશે નહિ.

૭. કોઇપણ અટકાયત હુકમ–

(ક) તે હેઠળ અટકાયતમાં રાખવાની વ્યક્તિ, રાજ્યની અંદર હોવા છતાં, હુકમ કરનાર અધિકૃત અધિકારીની પ્રાદેશિક હકૂમતની હદ બહાર, અથવા

(ખ) આવી વ્યક્તિની અટકાયતનું સ્થળ રાજ્યની અંદર હોવા છતાં, સદરહુ હદની બહાર,

હોવાના કારણે જ અમાન્ય અને બિન–અમલી રહેશે નહિ.

ફરાર થઇ જતી વ્યક્તિઓના સંબંધમાં સત્તાઓ.

સન ૧૯૭૪નો ૨ જો.

૮. (૧) રાજ્ય સરકારને અથવા કોઇ અધિકૃત અધિકારીને એમ માનવાને કારણ હોય કે જેના સંબંધમાં અટકાયત હુકમ કરવામાં આવ્યો છે તે વ્યક્તિ ફરાર થઇ ગઇ છે અથવા પોતે એવી રીતે છુપાતી ફરે છે, જેથી હુકમની અમલ બજાવણી કરી શકાય એમ નથી, તો ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમો ૮૨ થી ૮૬ (બંને સહિત)ની જોગવાઇઓ, આ પેટા–કલમમાં જણાવેલા ફેરફારોને અધીન રહીને, આવી વ્યક્તિ અને તેની મિલકતના સંબંધમાં લાગુ પડશે અને એવી વ્યક્તિ સામાન્ય રીતે જ્યાં રહેતી હોય તે સ્થળ ગમે તે હોય તોપણ, તેની સામે કરેલો અટકાયત હુકમ, સત્તા ધરાવતી કોર્ટે કાઢેલું વોરંટ છે એમ ગણાશે. રાજ્ય સરકારે અટકાયત હુકમ કર્યો હોય, ત્યારે આ અર્થે રાજ્ય સરકારે અધિકૃત કરેલા જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પોલીસ કમિશનરના દરજ્જા કરતાં નીચલા દરજ્જાના ન હોય તે અધિકારી અથવા યથાપ્રસંગ, અધિકૃત અધિકારીએ અટકાયત હુકમ કર્યો હોય, ત્યારે અધિકૃત અધિકારી, તેની સામાન્ય હકૂમત ગમે તે હોય તોપણ, એવી વ્યક્તિ માટે અને રાજ્યના કોઇપણ ભાગમાં આવેલી તેની મિલકતની જપ્તી તથા વેચાણ માટે જાહેરાત બહાર પાડવા માટે અને સદરહુ અધિનિયમની કલમો ૮૨, ૮૩, ૮૪ અને ૮૫ હેઠળ અન્ય કંઇ પગલું લેવા માટે, સદરહુ કલમો હેઠળ સત્તા ધરાવતી કોર્ટની તમામ સત્તાઓ વાપરવાને અધિકૃત છે એમ ગણાશે. જપ્ત થયેલી મિલકત પાછી મેળવવા માટેની અરજી નામંજૂર કરતા એવા કોઇ અધિકારીએ કરેલા કોઇ હુકમ સામે અપીલ, સદરહુ વ્યક્તિ સામાન્ય રીતે જ્યાં રહેતી હોય તે સ્થળે, હકૂમત ધરાવતી સેશન્સ કોર્ટને, સદરહુ અધિનિયમની કલમ ૮૬માં ઠરાવ્યા પ્રમાણે થઇ શકશે.

(૨) (ક) પેટા–કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકારને અથવા અધિકૃત અધિકારીને એમ માનવાને કારણ હોય કે જે વ્યક્તિના સંબંધમાં અટકાયત હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિ ફરાર થઇ ગઇ છે અથવા પોતે એવી રીતે છુપાતી ફરે છે, જેથી હુકમની અમલ બજાવણી કરી શકાય એમ નથી, તો યથાપ્રસંગ, રાજ્ય સરકાર અથવા અધિકારી, રાજપત્રમાં હુકમ અધિસૂચિત કરીને, સદરહુ

વ્યક્તિને, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા અધિકારી સમક્ષ, તેવા સ્થળે અને તેટલી મુદતની અંદર હાજર થવા આદેશ કરી શકશે.

(ખ) એવી વ્યક્તિ એવા હુકમનું પાલન ન કરે, ત્યારે તે એમ પુરવાર કરે કે એવા હુકમનું પાલન કરવાનું તેને માટે શક્ય ન હતું અને હુકમમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર, તેણે, હુકમમાં જણાવેલ અધિકારીને, જે કારણોસર તેનું પાલન કરવાનું અશક્ય બન્યું હોય તે કારણોની અને પોતે ક્યાં છે તેની જાણ કરી હતી અથવા એમ પુરવાર કરે કે હુકમમાં જણાવેલા અધિકારીને તેવી રીતે જાણ કરવાનું તેને માટે શક્ય ન હતું તે સિવાય, તેને, દોષિત ઠર્યે, એક વર્ષની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે.

(ગ) સદરહુ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, ખંડ (ખ) હેઠળનો દરેક ગુનો, પોલીસ અધિકારનો ગણાશે.

૯. (૧) કોઇ વ્યક્તિને અટકાયત હુકમ અનુસાર અટકાયતમાં રાખી હોય, ત્યારે હુકમ કરનાર અધિકારીએ, જેમ બને તેમ જલદી, પણ અટકાયતની તારીખથી સાત દિવસ કરતાં મોડી ન હોય તે મુદતમાં તે હુકમ કયા કારણોસર કરવામાં આવ્યો છે તેની જાણ તેને કરવી જોઇશે અને તે હુકમ સામે રાજ્ય સરકારને રજૂઆત કરવાની વહેલામાં વહેલી તક તેન આપવી જોઇશે. અટકાયતીને અટકાયત હુકમનાં કારણો જણાવવા બાબત.

(૨) પેટા-કલમ (૧)માંના કોઇપણ મજકૂરથી, જે હકીકતો પ્રગટ કરવાનું પોતે જાહેર હિતની વિરૂદ્ધ સમજતો હોય તે પ્રગટ કરવા સત્તાધિકારીને ફરજ પાડી શકાશે નહિ.

૧૦. (૧) રાજ્ય સરકાર, જરૂરી હોય, ત્યારે આ અધિનિયમના હેતુઓ માટે, એક અથવા વધુ સલાહકાર બોર્ડો રચશે. સલાહકાર બોર્ડની રચના.

[1][(૨) આવું દરેક બોર્ડ, અધ્યક્ષ અને અન્ય બે સભ્યોનું બનશે, જેઓ કોઇપણ હાઇકોર્ટના ન્યાયાધીશો હોવા જોઇશે અથવા રહ્યા હોવા જોઇશે અથવા જેઓ ભારતના સંવિધાન હેઠળ હાઇકોર્ટના ન્યાયાધીશ તરીકે નીમાવાની લાયકાત ધરાવતા હોવા જોઇએ:

પરંતુ આવા બોર્ડના અધ્યક્ષ, હાઇકોર્ટના ન્યાયાધીશ હોય અથવા રહી ચૂકી હોય તેવો વ્યક્તિ હોવો જોઇશે.]

૧. સન ૧૯૮૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૨૬ની કલમ ૩થી આ પેટા-કલમ બદલવામાં આવેલ છે.

૧૧. આ અધિનિયમ હેઠળ અટકાયત હુકમ કરવામાં આવ્યો હોય તે દરેક કિસ્સામાં, રાજ્ય સરકાર, તે હુકમ હેઠળ કોઇ વ્યક્તિને અટકાયતમાં રાખ્યાની તારીખથી ત્રણ અઠવાડિયાની અંદર, જે કારણોસર હુકમ કરવામાં આવ્યો હોય તે કારણો અને તે હુકમની અસર પામેલ વ્યક્તિએ કોઇ રજૂઆત કરી હોય, તો તે અને અધિકૃત અધિકારીએ તે હુકમ કર્યો હોય, ત્યારે કલમ ૩ની પેટા-કલમ (૩) હેઠળ આવા અધિકારીએ કરેલ રિપોર્ટ પણ, કલમ ૧૦ હેઠળ પોતે રચેલ સલાહકાર બોર્ડ સમક્ષ મૂકશે. સલાહકાર બોર્ડને નિર્ણયાર્થે લખાણ કરવા બાબત.

૧૨. (૧) સલાહકાર બોર્ડ, પોતાની સમક્ષ મૂકવામાં આવેલ મુદ્દાની બાબતો વિચારણામાં લીધા પછી અને રાજ્ય સરકાર પાસેથી અથવા તે હેતુ માટે, રાજ્ય સરકાર મારફત બોલાવેલી કોઇ વ્યક્તિ પાસેથી અથવા અટકાયતી પાસેથી પોતે જરૂરી ગણે તેવી વધુ માહિતી મંગાવ્યા પછી અને કોઇ ખાસ કિસ્સામાં, સલાહકાર બોર્ડને એમ કરવું આવશ્યક લાગે, તો અથવા અટકાયતી કંઇ કહી સંભળાવવા માંગતો હોય, તો અટકાયતીને રૂબરૂમાં સાંભળ્યા પછી, અટકાયતીને અટકાયતમાં રાખ્યાની તારીખથી સાત અઠવાડિયાની અંદર રાજ્ય સરકારને પોતાનો રિપોર્ટ રજૂ કરશે. સલાહકાર બોર્ડની કાર્યરીતિ.

(૨) સલાહકાર બોર્ડના રિપોર્ટમાં, અટકાયતીને અટકાયતમાં રાખવા માટે રાખવા માટે પૂરતું કારણ છે કે નથી તે અંગેનો સલાહકાર બોર્ડનો અભિપ્રાય તેના અલગ ભાગમાં નિર્દિષ્ટ કરવો જોઇશે.

(૩) સલાહકાર બોર્ડ રચતા સભ્યો વચ્ચે મતભેદ હોય, ત્યારે આવા સભ્યોની બહુમતીનો અભિપ્રાય બોર્ડનો અભિપ્રાય છે એમ ગણાશે.

(૪) સલાહકાર બોર્ડની કાર્યવાહી અને તેના રિપોર્ટના જે ભાગમાં સલાહકાર બોર્ડનો અભિપ્રાય નિર્દિષ્ટ કર્યો હોય તે ભાગ સિવાયનો તેનો રિપોર્ટ ખાનગી રહેશે.

(૫) આ કલમમાંના કોઇપણ મજકૂરથી, જે કોઇ વ્યક્તિ સામે અટકાયત હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિ, સલાહકાર બોર્ડને લખી મોકલેલી બાબત સાથે સંકળાયેલી કોઇ બાબતમાં, કોઇ કાયદા વ્યવસાયી મારફત હાજર રહેવા હકદાર રહેશે નહિ.

સલાહકાર બોર્ડના રિપોર્ટ ઉપરથી પગલાં લેવા બાબત. ૧૩. (૧) જે કોઇપણ કિસ્સામાં, સલાહકાર બોર્ડ એવો રિપોર્ટ કર્યો હોય કે તેના અભિપ્રાય પ્રમાણે, અટકાયતીને અટકાયતમાં રાખવા માટે પૂરતું કારણ છે તે કિસ્સામાં, રાજ્ય સરકાર, અટકાયત હુકમ બહાલ રાખી શકશે અને કલમ ૧૪થી ઠરાવેલી મુદત કરતાં વધુ ન હોય તેવી, પોતાને યોગ્ય લાગે તેટલી, મુદત સુધી અટકાયતીની અટકાયત ચાલુ રાખી શકશે.

(૨) જે કોઈપણ કિસ્સામાં, સલાહકાર બોર્ડે એવો રિપોર્ટ કર્યો હોય કે તેના અભિપ્રાય પ્રમાણે, સંબંધિત વ્યક્તિને અટકાયતમાં રાખવા માટે પૂરતું કારણ નથી તે કિસ્સામાં, રાજ્ય સરકાર, અટકાયત હુકમ રદ કરશે અને અટકાયતીને તરત જ છોડી મૂકાવશે.

અટકાયતની વધુમાં વધુ મુદત.

૧૪. આ અધિનિયમ હેઠળ કરેલા જે કોઇ અટકાયત હુકમને કલમ ૧૩ હેઠળ બહાલ રાખવામાં આવ્યો હોય તે અટકાયત હુકમ અનુસાર, વધુમાં વધુ જે મુદત સુધી કોઈપણ વ્યક્તિને અટકાયતમાં રાખી શકાય તે મુદત, અટકાયતની તારીખથી એક વર્ષની રહેશે.

અટકાયત હુકમો રદ કરવા બાબત.

સન ૧૯૦૪નો મુંબઇનો ૧લો.

૧૫. (૧) મુંબઇ સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪ની કલમ ૨૧ની જોગવાઈઓને બાધ આવ્યા વિના, અધિકૃત અધિકારીએ અટકાયત હુકમ કર્યો હોય તે છતાં, રાજ્ય સરકાર, કોઈપણ સમયે, કારણોની લેખિત નોંધ કરીને, તે હુકમ રદ કરી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે.

(૨) અટકાયત હુકમ (જેનો હવે પછી, આ પેટા–કલમમાં, "અગાઉનો અટકાયત હુકમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની મુદત પુરી થવાથી અથવા તે રદ થવાથી, કલમ ૩ હેઠળ તે જ વ્યક્તિ સામે અન્ય અટકાયત હુકમ (જેનો હવે પછી, આ પેટા–કલમમાં, "પછીનો અટકાયત હુકમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કરવામાં બાધ આવશે નહિ:

પરંતુ આવી વ્યક્તિ સામે કરેલા અગાઉના અટકાયત હુકમની મુદત પૂરી થયા પછી અથવા તે રદ થયા પછી અથવા તે રદ થયા પછી, નવેસરથી કોઇ હકીકતો ઉપસ્થિત થઈ ન હોય, ત્યારે તે બાબતમાં, આવી વ્યક્તિને, વધુમાં વધુ જે મુદત સુધી, પછીના અટકાયત હુકમ અનુસાર અટકાયતમાં રાખી શકાશે તે મુદત, કોઈપણ સંજોગોમાં, અગાઉના અટકાયત હુકમ હેઠળની અટકાયતની તારીખથી બાર મહિનાની મુદત પૂરી થયા પછીની કોઇ મુદત સુધી લંબાવી શકાશે નહિ.

અટકાયતમાં રાખેલી વ્યક્તિઓને કામચલાઉ મુદત માટે છોડી મૂકવા બાબત.

૧૬. (૧) રાજ્ય સરકાર, કોઈપણ સમયે, કારણોની લેખિત નોંધ કરીને, એવો આદેશ કરી શકશે કે અટકાયત હુકમ અનુસાર અટકાયતમાં રાખેલી કોઈપણ વ્યક્તિને, બિન શરતે અથવા તે વ્યક્તિ સ્વીકારે તેવી, આદેશમાં નિર્દિષ્ટ કરેલી શરતોએ, નિર્દિષ્ટ કરેલી મુદત સુધી મૂકી છોડી શકશે અને કોઈપણ સમયે, તેને છોડી મૂકવાનું રદ કરી શકશે.

(૨) પેટા–કલમ (૧) હેઠળ કોઈપણ અટકાયતીને છોડી મૂકવાનો આદેશ કરતી વખતે, રાજ્ય સરકાર, આદેશમાં નિર્દિષ્ટ કરેલી શરતોનું યોગ્ય પાલન થાય તે માટે, જામીનોવાળું અથવા જામીનો વગરનું બોન્ડ કરવાનું તેને ફરમાવી શકશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ છોડી મૂકેલા કોઈપણ અટકાયતીએ, યથાપ્રસંગ, તેને છોડી મૂકવાનો આદેશ કરતા અથવા તેને છોડી મૂકવાનું રદ કરતા હુકમમાં નિર્દિષ્ટ કરેલ સમયે અને સ્થળે અને તે સત્તાધિકારી સમક્ષ જાતે શરણે આવવું પડશે.

(૪) કોઈ અટકાયતી, પેટા-કલમ (૩)માં નિર્દિષ્ટ કરેલી રીતે, પૂરતા કારણ વિના, ઓતે શરણે ન આવે, તો તેને, દોષિત ઠર્યે, બે વર્ષની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

(૫) પેટા-કલમ (૧) હેઠળ છોડી મૂકેલ કોઈ અટકાયતી, સદરહુ પેટા-કલમ હેઠળ અથવા તેણે કરેલા બોન્ડમાં તેના ઉપર મૂકવામાં આવેલી શરતો પૈકી કોઈપણ શરતનું પાલન ન કરે, તો બોન્ડ જપ્ત થયેલું જાહેર કરવામાં આવશે અને તેનાથી બંધાયેલી કોઈપણ વ્યક્તિ, તે અંગે દંડ ભરવાને પાત્ર થશે.

૧૭. આ અધિનિયમ અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્ય માટે, રાજ્ય સરકાર અથવા કોઈ અધિકારી અથવા વ્યક્તિ સામે, કોઈ દાવો, ફરિયાદ અથવા અન્ય કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ.

આ અધિનિયમની ક્ષેત્રમર્યાદાની અંદરની બાબતોની તજવીજ, આ અધિનિયમ હેઠળ જ કરવા બાબત.

૧૮. આ અધિનિયમના આરંભે અને ત્યાર પછી, રાજ્યમાંના કોઈ દારૂનો ગેરકાયદેસર ધંધો કરનાર, ઔષધ ગુનેગાર, ભયજનક વ્યક્તિ, અનૈતિક વેપાર ગુનેગાર અથવા મિલકત પચાવી પાડનારની અટકાયત માટે, આ અધિનિયમ હેઠળ હુકમ કરી શકાય એમ હોય ત્યાં સુધી, તે વ્યક્તિના સંબંધમાં રાજ્ય સરકાર અથવા તેના તાબાના કોઈ અધિકારીથી, જાહેર વ્યવસ્થા જાળવવામાં બાધ આવે તેવી કોઈ રીતે કાર્ય કરતી તેને અટકાવવાના કારણસર, રાષ્ટ્રીય સલામતી અધિનિયમ, ૧૯૮૦ હેઠળ અટકાયતનો હુકમ કરી શકાશે નહિ.

સન ૧૯૮૦નો ૬૫ મો.

રદ કરવા બાબત અને અપવાદ.

૧૯. (૧) ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત વટહુકમ, ૧૯૮૫, આથી રદ કરવામાં આવે છે.

સન ૧૯૮૫નો ગુજરાત વટહુકમ ૧૧.

(૨) એ પ્રમાણે રદ કરવામાં આવ્યો છે તે છતાં,-

(ક) સદરહુ વટહુકમ હેઠળ કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું, આ અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે;

(ખ) દરેક વ્યક્તિ, કે જેના સંબંધમાં પોતે ભયજનક વ્યક્તિ હોવાને કારણે સદરહુ વટહુકમની કલમ ૩ હેઠળ અટકાયતનો હુકમ કરવામાં આવ્યો હોય અને તે હુકમ, આ અધિનિયમને મળેલી રાષ્ટ્રપતિની અનુમતિ રાજપત્રમાં પ્રથમ પ્રસિદ્ધ કરવામાં આવ્યાની તારીખ (જેનો આમાં હવે પછી "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની તરત જ પહેલાં અમલમાં હોય, તો તેની અટકાયત આ અધિનિયમની કલમ ૩ સાથે અસંગત ઠરી હોય તે છતાં, આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને અટકાયત હેઠળ ચાલુ રહેશે.

(ગ) (૧) સદરહુ વટહુકમની કલમ ૧૦ હેઠળ રચાયેલ અને સદરહુ તારીખ પહેલાં કાર્ય કરતું સલાહકાર બોર્ડ, તેની રચના આ અધિનિયમની કલમ ૧૦ની જોગવાઇઓ સાથે અસંગત ઠરી હોય તે છતાં, આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને સદરહુ તારીખ પછી તે પ્રમાણે કાર્ય કરતું ચાલુ રહેશે.

(૨) સદરહુ વટહુકમની કલમ ૧૧ હેઠળ કરેલા અને સદરહુ તારીખની તરત જ પહેલાં એવા સલાહકાર બોર્ડ સમક્ષ અનિર્ણીત હોય તેવા નિર્ણયાર્થે કરેલા લખાણની તજવીજ, જાણે કે એવું બોર્ડ અધિનિયમની કલમ ૧૦ હેઠળ રચવામાં આવ્યું હતું તેમ, તે બોર્ડથી, તે તારીખ પછી ચાલુ રાખી શકાશે.

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.